



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૩૭ : 'દેશવાસનાનું, અગિયાર પદવીનું'નું નિરૂપણ,**
**૪, માર્ચ ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટેનું ને પ્રત્યક્ષ અને પ્રગટ પ્રભુને માનવામાં ૧૧ ઈલકાબ પ્રાપ્ત થાય છે તેનું આ 'વચનામૃત' છે.

**શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જે અણસમજુ હોય ને તેણે ભેખ લીધો હોય તો પણ તેને જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેને વિષે હેત ટળતું નથી.' એમ કહીને પછી પોતાના સાથળને વિષે નાનપણામાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વને દેખાડ્યો ને બોલ્યા જે, 'આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે. માટે જન્મભૂમિ તથા પોતાનાં સગાંસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે. માટે જેને જેને જન્મભૂમિ તથા દેહનાં સંબંધી તે ન સાંભરતાં હોય તે બોલો અને જે લાજે કરીને ન બોલે તેને શ્રી નરનારાયણના સમ છે.' પછી સર્વે મુનિ જેમ જેને વર્તતું હતું તેમ બોલ્યા...**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુને દીક્ષા આપે તેને નિયમો હોય. મહારાજે સંતોને કડક નિયમો આપેલા. એ બધા નિયમો જીવની રક્ષા માટે આપેલા. દીક્ષા લીધા પછી નામ બદલી નાખે. જે સાધુ થયો હોય એને પોતાના ગામનું ઝાડવું દેખાય ત્યાં સુધી જવાનું નહિ, સીમમાં પણ નહીં જવાનું. પોતાના ગામનું નામ નહીં બોલવાનું, પોતાનાં સગાંસંબંધીને મળવાનું નહીં ને વાત પણ નહીં કરવાની. શાથી ? તો હેત ઉભરાઈ આવે. ગામનું ઝાડ જુએ તો થાય અહોહો મારા ગામનું ઝાડ ! મારું ગામ ! એની બધી સ્મૃતિ થઈ આવે, સગાંસંબંધી સાંભરી આવે. એવાને શું કહ્યું મહારાજે ? કઈ શુદ્ધ સમજણ ? તો સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ નથી થઈ ત્યાં સુધીની બધી જ સમજણ અણસમજણ જ ગણાય, લખી રાખો !

દેહ ને દેહનાં સગાંસંબંધીને વિષે જેમ નૅચરલ હેત છે, એમ જે ધરતીમાં પ્રગટ થયા એ ધરતી માટે નૅચરલ પ્રેમ હોય છે, જે વાસના છે. અને એ વાસનાને લીધે જન્મ-મરણના ચકરાવામાં જીવ ફર્યા કરે છે. ત્રણ પ્રકારની જે વાસના-લોકેષણા, વિત્તેષણા અને કુટુંબની વાસના-પુત્રેષણા; આ ત્રણ વાસનાને લઈને જીવ જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. એ વાસના જ્યાં સુધી ના બળે ત્યાં સુધી ચૈતન્યનો મોક્ષ થતો નથી. અને વાસના તો બળે, જો જીવને ભગવાનધારક સાધુને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય. પણ એ કેવા સંતને વિશે ? તો ગુણાતીતભાવને પામેલા સાધુ કે, જેમણે ભગવાનને ઓળખ્યા છે, ભગવાનના અભિપ્રાયને જાણે છે, ભગવાનની રુચિ પ્રમાણે જીવે છે અને મને-તમને-સૌને ભગવાનમાં જોડી કલ્યાણને માર્ગે ચલાવે છે; એવા જે સાધુ-એમને વિશે જ્યારે જીવને આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય, જીવથી પ્રેમ થાય તો જીવમાં રહેલો જે કારણદેહ-કૉઝ બૉડી-જન્મ-મરણનો ચકરાવો લેવડાવે છે એવી જે વાસના, એ બળીને ભસ્મીભૂત થઈ જાય છે. એ સમજુ કહેવાય, એવાને વાંધો નહીં, પણ અણસમજુ માણસો માટે સ્વામિનારાયણ ભગવાને આ કહ્યું.

આપણે છપૈયા જઈએ ત્યારે કાયમ 'મોક્ષ પીપળો', 'ખાંપા તલાવડી', 'જાંબુડો', 'મીન સરોવર', 'ત્રિકોણિયું ખેતર', 'ધર્મદેવ-ભક્તિમાતાની સમાધિ', 'નારાયણ સરોવર', 'કલ્યાણ સાગર'; મહારાજની પ્રસાદીની આ બધી જગ્યાઓનાં દર્શન કરવા જઈએ છીએ.

'ખાંપા તલાવડી' ત્યાં છપૈયાની બાજુમાં જ છે. મહારાજ ત્યાં આમલી-પીપળી રમતાં રમતાં ઝાડ પર ચઢ્યા હતા ને પડ્યા. ખાંપો એટલે ઠૂંઠું તે તેમને જાંઘમાં વાગ્યું. એટલે અશ્વિનીકુમાર વૈદ્યે આવીને મહારાજને પાટાપિંડી કરી, પણ એનું ચિહ્ન રહી ગયું. એટલે સ્વામિનારાયણ ભગવાન કહે, 'અમે જ્યારે નહાવા બેસીએ અને આ જોઈએ તો અમને છપૈયાની ખાંપા તલાવડી યાદ આવે.'

આવું તો યાદ આવે, પણ એમાં ગુલતાન ના થઈ જવાય કે, ઓહોહો કેવું સરસ છપૈયા હતું ! અને અહીં આવીને ક્યાં ભરવાઈ પડ્યા ? એવું થાય એ વાસના કહેવાય. સ્મૃતિ થાય, પણ એ સ્મૃતિ તમને હલબલાટ ના કરાવે, તમારી સાધનામાં ડિસ્ટર્બન્સ ના લાવે, તમને સમતામાંથી ડગાવે નહીં; તો એવી સ્મૃતિ એ વાસના નથી. વાસના તો તમે ભાન ભૂલી જાવ, બધું છૂટી જાય એ વાસના ! ભગવાનની વાસના થઈ ગઈ હોય એટલે કે, ભગવાનને રાજી કરવાની જેને અંદરથી જીવમાં લગની લાગી હોય એ વાસના. જેને સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ હોય, એટલે 'કેમ કરીને મારા ગુરુને અને મારા ઈષ્ટદેવને રાજી કરું' એવી જેને વાસના થઈ હોય એને પછી સ્મૃતિ થાય, પણ તેનાથી ડિસ્ટર્બન્સ ના આવે, ભગવાનના માર્ગેથી ચલિત ના કરી શકે; તે સમજણયુક્ત ભક્તિ થઈ. પણ, સ્વામિનારાયણ ભગવાને શબ્દ વાપર્યો છે, 'અણસમજુ' હોય એને આ બધું યાદ આવે ને એના ભાવમાં ડૂબી જાય.

**પછી તે સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કેઈ ? ને તે આત્માનું સગું કોણ ? ને તે આત્માની જાત પણ કેઈ ? અને જો સગપણ લેવું હોય તો પૂર્વે ચોરાશી લાખ જાતના દેહ ધર્યા છે તે સર્વનું સગપણ સરખું જાણવું.**

મહારાજ હવે બતાવે છે કે, પોતાને આત્મારૂપે માનીએ એટલે સત્પુરુષ મારો આત્મા છે. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ ગઈ હોય તો આ બધાં જે સગપણ છે, 'મારું ગામ', 'મારાં સગાંવહાલાં' એ બધાં કોનાં છે ? તો તે દેહનાં સગાસંબંધી છે. આત્મા તો દેહથી નોખો છે. આત્માનું સગું કોણ ? સત્પુરુષ અને ભગવાનના ભક્તો ! તો આત્માની દૃષ્ટિએ જોઈએ અને એનાં સગાંવહાલાં ચોરાશી લાખ જનમમાં ફરતાં ફરતાં એ બધાંય સગાં જ ગણવાં-ગણવા જાય તો; પણ અજ્ઞાને કરીને એ નથી ગણતા. અત્યારે કોઈને યાદ નથી કે, ગયા જનમમાં આપણે કોણ હતા ? આપણાં સગાંવહાલાં કોણ હતાં ? આપણે કયા ગામમાં જન્મ્યા હતા ? કઈ આપણી જન્મભૂમિ હતી ? કયો આપણો દેશ હતો ? તેની કશી આપણને ખબર નથી એટલે ભૂલી ગયા છીએ એટલે આપણી સ્મૃતિમાં નથી આવતું. એમ આ જનમમાં જે દેહનાં સગપણ છે, એ ગયા જનમ જેવાં થઈ જાય. તે ક્યારે થઈ જાય? તો સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય તો. સત્પુરુષનાં સગાંસંબંધી એ જ આપણાં સાચાં સગાં.

જેમ સ્ત્રી પરણે તે પહેલાં એના હસબન્ડનાં જે માબાપ હોય-સગાંવહાલાં હોય તેમને રોજ જોતી હોય, પણ એમને પપ્પા-મમ્મી કહે નહીં. પણ પરણે પછી હસબન્ડનાં માબાપ, સગાંવહાલાં તરત એનાં પપ્પા-મમ્મી થઈ જાય, કાકા-કાકી થઈ જાય, મામા-મામી થઈ જાય. એ સ્ત્રીનાં પોતાનાં સગાં મામા-મામી, કાકા-કાકી, પપ્પા-મમ્મી બધાં હોય, પણ હવે એના હસબન્ડનાં સગાંવહાલાં હોય એને પણ એ જ રીતે બોલાવે. પોતાના હસબન્ડમાં જેમ જેમ ઓતપ્રોત થાય તેમ તેમ એના હસબન્ડનાં સગાંવહાલાંમાં પણ ઓતપ્રોત થાય તો પિયરવાળાં આપોઆપ ભૂલાતાં જાય. પોતાનાં પિયરનાં સગાંવહાલાં છે, નથી એમ નહીં, પણ એમની સાથેના સંબંધ ઓછા થઈ જાય.

કોઈ નવી વહુ સાસરે આવી હોય તો એને પિયરિયું બહુ યાદ આવે. કારણ કે, અહીંયાં બધાં કામ કરવા પડતાં હોય. વાસણ ઘસવાં પડતાં હોય, રસોઈ કરવી પડતી હોય, નણંદના ઘોંચપરોણા હોય, સાસુની કચકચ હોય, ધણીનો રૂઆબ હોય. જ્યારે પોતાના ઘરે તો મા-બાપે

આત્માનું સગું કોણ ?
સત્પુરુષ અને ભગવાનના ભક્તો !
સત્પુરુષનાં સગાંસંબંધી એ જ
આપણાં સાચાં સગાં.





**સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય પછી એમને રાજી કરવા કરેલું કર્મ જ ભક્તિ થાય, યાદ રાખો ! નહીં તો ક્રિયાકાંડ થઈ ગયું. તે સંસ્કાર પાડશે, પણ આત્માને બળ નહીં આપે.**

લાડકોડમાં ઉછેર્યાં હોય, બહેન-બહેન કહીને કોઈએ ખસ પણ ના કહ્યું હોય, અને અહીં વહુ તરીકે આવે એટલે એને હેરાન કરી નાખે. એમાં એને જો કોઈ પિયરિયું મળે તો બધું સાંભરી આવે ને રડે. એટલે ગુજરાતીમાં કહેવત પડી કે, 'રડતી હતી ને પિયરિયાં મળ્યાં.' પણ ધીમે ધીમે ટેવાતી જાય. પહેલાં એક આણું, બે આણાં એટલે કે પિયરમાં એક વખત લઈ જાય, બે વખત લઈ જાય, પણ પછી તો આણાં જ ભુલાઈ જાય, પિયરની અવરજવર બંધ થઈ જાય. પછી તો પિયરિયાંવાળાં બોલાવે તો કહે, 'મારે તો બહુ કામ છે, આમ છે ને તેમ છે.' બધું જ છે, પણ સાસરાવાળાં સાથે એકરૂપ થઈ તો પેલું ભુલાઈ ગયું.

જેમ ગયા જન્મનાં બધાં સગાંસંબંધી, દેશવાસના બધું અજ્ઞાને કરીને છૂટી ગયું છે, કારણ કે ખબર જ નથી. એમ, આ જનમમાં ભગવાન અને સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ, તો એના સંબંધવાળા સંતો-ભક્તો સાચાં સગાં મનાયાં, તો દેહનાં બધાં સાચાં સગાંસ્નેહીઓ છૂટી જશે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં કહ્યું, 'દેહ અને દેહનાં સગાંસંબંધીને વિશે જેવી આત્મબુદ્ધિ અને પ્રીતિ છે, તેવી આત્મબુદ્ધિ અને પ્રીતિ ભગવાન અને ભગવાનના ભક્તોને વિશે જો થશે તો દેહ અને દેહનાં સગાંસંબંધીને વિશેની આત્મબુદ્ધિ ને પ્રીતિ છૂટી જશે.' છોડવી નહીં પડે, યાદ રાખો !

આપણે કંઈક છોડીએ તો છોડ્યાનો અહંકાર હોય. ઘણા ત્યાગીઓને અહંકાર હોય કે, 'હમને સંસાર છોડ દિયા હૈ.' પણ આપણા વ્રતધારી સંતોને પૂછશો તો કહેશે કે, 'અમે સંસાર છોડ્યો નથી, છૂટી ગયો છે. અમારે સાધુ થવું નહોતું, અમારે ભગવાન ભજવા નહોતા, પણ યોગીબાપા જેવા દિવ્ય પુરુષે દૃષ્ટિ કરી અને એમના વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ તો બધું છૂટતું ગયું, છોડવું નથી પડ્યું.' તો ભગવાન અને ભગવાનના ભક્તોમાં જેટલી આત્મબુદ્ધિ અને પ્રીતિ વધશે, એટલી દેહનાં સગાંસંબંધીને વિશેની આત્મબુદ્ધિ અને પ્રીતિ અંદરથી છૂટશે, યાદ રાખો ! બહાર બધાં સગાંવહાલાં મળવા આવે, વાતચીત થાય, પણ આપણને ભગવાનના માર્ગે ચાલવામાં એ ચલિત ના કરી શકે, લાગણીમાં ખેંચી ના શકે. એમના દુ:ખમાં, એમની તકલીફોમાં ભજન-પ્રાર્થના થાય, પણ એનાથી ચલિત ના થઈએ; એ છૂટી ગયું ! એટલે આત્માની દૃષ્ટિએ જોઈએ, સત્પુરુષની દૃષ્ટિએ જોઈએ તો આ બધું વીસરી જાય.

**અને તે સગાંનું કલ્યાણ ઇચ્છવું તો સર્વનું ઇચ્છવું. અને આ મનુષ્ય દેહમાં ત્યારે ચોરાશી લાખ જાતનાં જે માબાપ તે અજ્ઞાને કરીને વીસર્યાં છે, તેમ આ મનુષ્ય શરીરનાં જે માબાપ છે તેમને જ્ઞાને કરીને વિસારી દેવાં.**

અજ્ઞાને કરીને ગયા જનમનું કશું ખબર નથી એટલે વિસરી ગયાં છે, એમ આ જન્મે જ્ઞાને કરીને સત્પુરુષ મારો આત્મા મનાય, પોતાના ઈષ્ટદેવ ભગવાન મનાય, એમનાં સંબંધવાળાં સદાય સાચાં સગાં છે એવી જ્યારે જીવથી સમજણ આવે તો પછી આ બધું વીસરી જાય, છૂટી જશે, છોડવું નહીં પડે.

**અને અમારે તો કોઈ સગાંસંબંધી સાથે હેત નથી. તથા અમારી સેવા કરતા હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તોય પણ ન થાય.**

ભગવાન કહે, અમારી સેવા કરતા હોય, અમારી જોડે રહેતા હોય. તો સેવા કરે એ પરમેશ્વરની ભક્તિ નથી ? ના. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય પછી એમને રાજી કરવા કરેલું કર્મ જ ભક્તિ થાય, યાદ રાખો ! નહીં તો ક્રિયાકાંડ થઈ ગયું. તે સંસ્કાર પાડશે, પણ આત્માને બળ નહીં આપે. ઓહોહો...! આવા પ્રભુ મળ્યા, આવા ગુરુ મળ્યા, આવા ભક્તો મળ્યા; એમની સેવા કરવાથી ભગવાન રાજી થશે ! ઓહોહો આવા ભગવાનની સેવા મને મળી, આવા સંતોનાં વચને મને રસોઈ બનાવવાની મળી, પીરસવાનું મળ્યું, સભામાં બેસવાનું મળ્યું, કથા કરવાની મળી.

આવો જે ભાવ ! એ ભાવથી જે ક્રિયા થાય એ ભક્તિ કહેવાય. મહારાજ કહે, એ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો જ ભક્તિ પ્રગટતી હોય છે, નહિ તો ભક્તિ નથી પ્રગટતી.

**અને જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.**

ગમે એટલો ગુણવાન હોય, પણ ભગવાનની ભક્તિ, ભગવાનને રાજી કરવાનો ભાવ ના હોય તો તે અમને ન ગમે. ગમે તેવો ગુણવાન હોય તોય અમને તેનો ભાર નથી.

**અને જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને એમ સમજતો હોય જે, 'જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે,' અને 'આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે.'**

જોયું ? આ ઉપાસનાનું પગથિયું આવ્યું. એક તો ભગવાન કર્તા-હર્તા છે, બીજું, ભગવાન સદા સાકાર અને પ્રગટ છે. પ્રથમ ૩૭ વચનામૃત એ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પાયાનું વચનામૃત છે. સત્પુરુષ ભગવાન નથી, પણ સત્પુરુષ દ્વારા ભગવાન મને પ્રાપ્ત થયા છે. આ માઈક્રોફૉનની કિંમત તે ઈલેક્ટ્રિસિટી સાથે જોડાયેલું હોય ત્યાં સુધી છે. માઈક્રોફૉન એ આપણા સુધી શબ્દો પહોંચાડવાનું માધ્યમ છે, પણ જો હમણાં આ માઈક્રોફૉન ઈલેક્ટ્રિસિટીથી છૂટી જાય તો આપણે શું કહીએ ? કે, આ ભૂંગળાને ખસેડો, આડું આવે છે. ઈલેક્ટ્રિસિટી વગર એ 'ભૂંગળું' થઈ ગયું, યાદ રાખો ! એમ સત્પુરુષ છે એ ભગવાનનો સંદેશો આપવા માટેનું, ભગવાનની વાત આપણા સુધી પહોંચાડવા માટેનું અને આપણી વાત ભગવાનને પહોંચાડવા માટેનું માધ્યમ છે, ભગવાન નથી. અને સત્પુરુષ ભગવાનમાં જોડાયેલા છે એટલે જ એમની કિંમત છે. જે સાધુ, જે સંત મને-તમને-સૌને ભગવાનમાં જ જોડે એ સાચો સાધુ કહેવાય. એવા સાધુને ભગવાન કહીએ તો પાપ છે. એવા સાધુ ભગવાનનું સ્વરૂપ જરૂર કહેવાય. જેમના દ્વારા ભગવાન દર્શન દે છે, જેમના દ્વારા ભગવાન આશીર્વાદ આપે છે, જેમના દ્વારા ભગવાન પ્રસાદ આપે છે, જેમના દ્વારા ધબ્બો મારીને ભગવાન આપણને સ્પર્શ આપીને દિવ્ય બનાવે છે; એ સત્પુરુષના માધ્યમ દ્વારા ભગવાન આપણી પર કૃપા વરસાવે છે. પણ, ભગવાન એ ભગવાન ! અને એવા સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, 'એવા સત્પુરુષ દ્વારા ભગવાન પ્રગટ છે' એવી જ્યારે હૈયામાં દૃઢતા થાય, ક્લિક થાય તો જીવનો કારણદેહ બળી જાય, જીવનો મોક્ષ થઈ જાય. અને એવો જે આત્મા એને પછી ભગવાન અગિયાર ઈલકાબ આપે છે. જેને સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે એવું મનાયું, મારા જીવનમાં જે કાંઈ થયું છે, થઈ રહ્યું છે અને થશે તેના કર્તા-હર્તા મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે ને એ સ્વામિનારાયણ ભગવાન મને સંત દ્વારા મળ્યા છે.

યોગીબાપાએ આપણને કૃપા કરીને મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી; આવા સંતો દ્વારા ભગવાન પ્રગટ છે તેમની ભેટ આપી ! એવા કોઈ સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો આપણો છતી દેહે મોક્ષ થઈ ગયો કહેવાય. અને એવા સાધુને, એવા હરિભક્તને પછી સ્વામિનારાયણ ભગવાન આ 'વચનામૃત'માં અગિયાર ઈલકાબ આપે છે.

**અને 'આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે' એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહીં.**

આ ભગવાનના ભક્ત તે માનવરૂપે સદા સાકાર જ છે એમ સમજતો હોય, નિરાકાર ના સમજે. ભગવાને કહ્યું, 'આસ્તિક અને નાસ્તિકમાં

સત્પુરુષ છે એ ભગવાનનો સંદેશો આપવા માટેનું,
ભગવાનની વાત આપણા સુધી પહોંચાડવા માટેનું અને
આપણી વાત
ભગવાનને પહોંચાડવા માટેનું માધ્યમ છે,
ભગવાન નથી.





'ભગવાન ને ભગવાનના સાધુ સદાય સાકાર,
નિર્દોષ અને દિવ્ય છે,
એ માનીનતામાં એટલી બધી દઢતા હોય કે
ગમે તેવો વેદાંતી, ગમે તેટલો જીનિયસ માણસ લૉજિકની રીતે
આપણને ઠસાવવા માંગે કે ભગવાન નિરાકાર છે,
પણ એની ટ્રેપમાં-યુક્તિમાં ના આવે તે
દઢ નિષ્ઠાવાળો કહેવાય.

ફરક ક્યાં ? તો જે ભગવાનને સદાય સાકાર માને છે તે આસ્તિક અને જે ભગવાનને નિરાકાર કહે છે તે નાસ્તિક.' અને વેદાંતી એટલે લૉજિશિયનો. આચાર્ય રજનીશજી હતા એ કેટલા મહાન માણસ ! એ પોતે કહેતા કે, તમારા હૈયામાં હું કૃષ્ણને ભગવાન તરીકે સ્થાપિત કરી શકું છું. એટલા આર્ગ્યુમૅન્ટ્સ અને બૌદ્ધિક કક્ષાએ લૉજિકથી આપણને વાતો કરે એટલે માની જઈએ કે કૃષ્ણ ભગવાન છે. અને એવી વાતો કરીને, એ જ કૃષ્ણ વ્યભિચારી છે, તેવું પણ તમને મનાવી દે. એટલે કેટલાય મોટા લોજિશિયનો, વેદાંતીઓ ભગવાનને નિરાકાર કહેવા માટે કેટલી બધી વાતો કરે કે ફાસફૂસિયા માણસો તો કન્વિન્સ થઈ જાય. સ્વામિનારાયણ ભગવાન અહીં કહે છે કે, 'ભગવાન ને ભગવાનના સાધુ સદાય સાકાર, નિર્દોષ અને દિવ્ય છે, એ માનીનતામાં એટલી બધી દઢતા હોય કે ગમે તેવો વેદાંતી, ગમે તેટલો જીનિયસ માણસ લોજિકની રીતે આપણને ઠસાવવા માંગે કે ભગવાન નિરાકાર છે, પણ એની ટ્રેપમાં-યુક્તિમાં ના આવે તે દઢ નિષ્ઠાવાળો કહેવાય. ડગમગાટ જ ના થાય. આ આંબો એ આંબો પછી કોઈ આવીને કહે કે, ‘આ આંબો નથી લીમડો છે’, તો આપણે કહીએ કે, ‘તારું મગજ બદલાયેલું લાગે છે, બાકી આ છે તો આંબો જ.' એવી જે દઢતા, નિરુત્થાન નિશ્ચય, એક વખત નિશ્ચય થયો પછી ગમે એવી વાતો સાંભળે પણ ફરક ના પડે ; એવી દઢ નિષ્ઠાવાળો જે ભગત એને ભગવાન અગિયાર ઈલકાબ આપે છે.

**અને એમ જાણે જે, 'એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહીં,' અને એમ જાણે જે, 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.'**

મારા જીવનમાં કર્તાહર્તા મને મળ્યા એ પ્રગટ ભગવાન જ છે, એવું દઢતાથી માને. પછી દોરા-ધાગા અને બીજે બધે ફાંફાં ના મારે. 'આજ મારે ઓરડે રે...' કીર્તનમાં આવે છે ને કે, 'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...' મારા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે ને થશે તેના કર્તાહર્તા ભગવાન છે. તો દુ:ખનો ટાળનારો પણ ભગવાન છે ને સુખનો આપનારો પણ ભગવાન છે ; એવી દઢતાથી પછી કંઈ પણ થાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એમ જે ભજનનો આશરો લે તો માનજો કે, એ સાચી નિષ્ઠાવાળો છે. બીજે બધે ફાંફાં મારે, ઉપાય કરે તો એની નિષ્ઠામાં પોલ છે.

**એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય ને તે જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. અને એને માથે કાળ, કર્મ અને માયા તેનો હુકમ નથી; અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી.**

પહેલી વાત કરી મહારાજે કે, આવી જેને દઢતા હોય, જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. રૂડોરૂપાળો, પ્રકાંડપંડિત, પ્રખર વક્તા, શાસ્ત્રનો જાણકાર હોય એવો નહિ, પણ જેને સાકાર પ્રગટપણાની અને કર્તાહર્તાપણાની જેને દઢ નિષ્ઠા હોય; એવો જે ભગત, તે ગમે તેવો હોય તો પણ અમને ગમે છે. બીજી વાત કરી કે, એને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી. જે તેની પાસે આવી જ ના શકે. ભગવાન કહે, તેને અમે જ તેડવા આવીશું. એને સજા કરવી હોય તો અમે કરીશું, પણ જગતની કાળ, કર્મ ને માયા તેને દુ:ખવી નહિ શકે ; એ ત્રીજી વાત કરી.

**અને એવી નિષ્ઠા ન હોય ને તે જો ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય તો પણ તેનો અમારા અંતરમાં ભાર આવે નહીં.**

ગમે તેવો ત્યાગી હોય, ખાતો ના હોય-ઉપવાસ કરતો હોય, ઊંધા માથે લટકતો હોય, તપ કરતો હોય, વ્રત કરતો હોય પણ આવો નિષ્ઠાવાળો, દઢતાવાળો, પ્રગટનો ઉપાસક ના હોય તો ભગવાન કહે, એનો અમને કોઈ ભાર નથી.

**અને જેના હૃદયમાં ભગવાનની એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તો પણ**

**પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહીં અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજે જ નહીં, એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ. અને તેને દુ:ખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શન પણ ઇચ્છીએ છીએ.**

જેના હૃદયમાં નિષ્ઠા અચળ હોય, સહેજ પણ ચલિત ન થાય. ગમે એની વાતો સાંભળે, ગમે તેવાં શાસ્ત્રો સાંભળે, ગમે તેવા લૉજિશિયનોની વાતો સાંભળે તો પણ તેની સાકાર અને પ્રગટપણાની નિષ્ઠા ટળે નહીં. આવી નિષ્ઠાવાળા ભક્તના પગની રજ ભગવાન કહે છે કે, અમે માથે ચઢાવીએ છીએ. આપણે બધા ભક્તોને એટલે પગે લાગીએ છીએ કે, આ એકેએક એવી નિષ્ઠાવાળા છે. જેની રજ ભગવાન માથે ચઢાવે તેની આપણે તો ચઢાવવી જ પડે ને ! આવી નિષ્ઠાવાળાને ભગવાને કેટલો મોટો ઈલકાબ આપ્યો ! ભગવાન કહે છે, 'મારા ભક્તોને દુ:ખવતાં હું બીઉં છું.' ભગવાન આપણને આનંદમાં રાખે છે. પણ નિષ્ઠા છૂટી જાય, ખટપટ-નિંદા-માથાકૂટમાં પડી જવાય છે. એટલે ભગવાન કહે, તમે કાળ, કર્મ ને માયાના ચકરડામાં આવીને દુ:ખી થાવ છો. દુ:ખી તમે થાવ છો, બાકી તમને દુખવતા થકા તો અમે બીએ છીએ અને તેનું દર્શન પણ અમે ઇચ્છીએ છીએ. આપણે ભગવાનનાં દર્શન કરવાનાં, અને ભગવાન આવા ભક્તનાં દર્શન કરે છે.

**અને એવી નિષ્ઠા વિનાના જે જીવ છે તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે, પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છતા નથી.**

તપ કરે, વ્રત કરે, અમરનાથ-માનસરોવર બધે આંટાફેરા કરે ; એ લોકો સાધનના બળે કલ્યાણને ઇચ્છે છે. પણ કલ્યાણ તો ભગવાનની કૃપાથી જ થાય છે. ભગવાનની કૃપાથી સત્પુરુષ દ્વારા ભગવાન મને પ્રગટ મળ્યા છે અને એ સત્પુરુષને વિશે જડબેસલાક નિષ્ઠા હોય તો કલ્યાણ થઈ ગયું.

**એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઇચ્છે તેવા મૂર્ખ છે. અને જે એવા ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઇચ્છે એવા ડાહ્યા છે.**

બોટમાં બેસીએ, પ્લેનમાં બેસીએ, નાવમાં બેસીએ તો લહેજતથી બેઠા બેઠા, ખાતાંપીતાં દરિયો પાર થઈ જાય. દરિયો તરીને જવામાં મુશ્કેલ છે, મરી જ જાય વચ્ચે. પણ ભગવાનને સદા સાકાર ને પ્રગટ માનીને આત્મબુદ્ધિ અને પ્રીતિથી જોડાઈએ તો કલ્યાણ સરળ અને સહેલું થઈ જાય.

**જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે..."**

આપણને સામે કોઈ ભક્ત મળે તો થાય કે, ઓહોહો ! દર્શન થઈ ગયાં ! એ ભક્તોમાં ભગવાન રહ્યા છે, એ દ્વારા ભગવાન દર્શન દે છે એ મહિમા છે. કેટલો મોટો ઈલકાબ આપ્યો ભગવાને કે, ભગવાનના ભક્તોનું દર્શન એ ભગવાનના દર્શન તુલ્ય છે.

દેશ-પરદેશમાં સત્સંગનો આટલો વિકાસ ક્યાંથી થયો ? કોઈ ઉપદેશ કરે છે ? કરતા હશે ઉપદેશ. પણ, આ બધા ભક્તો ફરે છે એનાં દર્શન કરે ; એટલે બધા સત્સંગને માર્ગે ચાલે છે. એનાં દર્શનથી અનંત પતિત જીવોનો ઉદ્ધાર થઈ જાય છે. લ્યો, ભક્તોના દર્શનથી ઉદ્ધાર થઈ જાય ! પછી સત્પુરુષ અને ભગવાનની તો ક્યાં વાત રહી ! તમારા દર્શનથી-તમે જ્યાં નોકરી કરો, જ્યાં જાવ, ટ્રેનની ગિરદીમાં ધક્કામુક્કીમાં ચઢો, જે બધાં તમારું દર્શન કરે એમનું કલ્યાણ ! આવી નિષ્ઠાવાળા ભક્તના દર્શનથી પતિત જીવોનો ઉદ્ધાર થાય છે, એટલા તે મોટા છે ! આવી નિષ્ઠાવાળાને કેટલી મોટી ભગવાને મોટપ આપી છે !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

કલ્યાણ તો ભગવાનની કૃપાથી જ થાય છે.
ભગવાનની કૃપાથી સત્પુરુષ દ્વારા
ભગવાન મને પ્રગટ મળ્યા છે અને
એ સત્પુરુષને વિશે જડબેસલાક નિષ્ઠા હોય તો
કલ્યાણ થઈ ગયું.

